eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 363
July 18, 2014



## સુરત મહાનગરપાલિકા આયોજીત ગોરમાગીત સ્પર્ધા

ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે તથા આપણી સંસ્કૃતિમાં બાલિકા–કન્યાઓ માટે જ વિશેષરૂપે યોજાતા અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા ગોરમાગીત સ્પર્ધા તા.૧૧/૦૭/૨૦૧૪ના રોજ સવારે ૯.૦૦ કલાકે ચં.ચી.મહેતા નાટ્યગૃહ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "પૂ.શ્રીમોટા, હરિ:ૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"

પૂ.શ્રીમોટા, હરિ:ૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" તા.૧૬/૦૭/૨૦૧૪ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ડીમોલીશનની કામગીરી બાબત

ડીમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ડીમોલીશનની કામગીરી બાબત

ડીમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા) ઝોનમાં સરથાણા વિસ્તારમાં ટી.પી.રસ્તાનો કબજો મેળવવામાં આવ્યો

ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૨ (સરથાણા–વાલક)માં ફા.પ્લોટ નં.૬ અને ૯ વચ્ચેથી પસાર થતાં ૭.૫૦ મી. પહોળાઈના ટી.પી.રસ્તામાં ગોપીનાથ સોસાયટીની આશરે ૧૨૦.૦૦ મી.લંબાઈની કંપાઉન્ડ વોલનું બાંધકામ આવતું હતું, જે કંપાઉન્ડ વોલનું બાંધકામ દુર કરી આશરે ૧૮૦.૦૦ ચો.મી. ટી.પી.રસ્તાનો કબજો મેળવવામાં આવ્યો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "પૂ.શ્રીમોટા, હરિ:ૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"



બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ્ પ્રતિ રસ–રૂચિ કેળવાય તેવા હેતુથી પૂજય શ્રીમોટા, હરિ:ૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"નું આયોજન તા.૧૬/૦૭/૨૦૧૪ને બુધવારના રોજ સવારે ૮. ૩૦ કલાકે...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## દબાણ દુર કર્યા અંગેની વિગત

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ / સીટી ઈજનેરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ભાગળ થી અપના બજાર તરફના કોટસફીલ મેઈન રોડ ઉપર લાગુ રસ્તા તથા ફુટપાથ ઉપર દબાણકર્તાઓ ધ્વારા ખાણી– પીણીની લારીઓ નંગ– ૧૧ આજ રોજ દબાણ ખાતાના ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

---

## મ્યુનિસિપલ એકવેરિયમના શાર્ક પુલમાં વધારાની ત્રણ (૩) બ્લેક ટીપ શાર્ક પ્રદર્શનમાં મુકવામાં આવી

સુરત મહાનગર પાલિકા સંચાલિત પાલ ખાતે આવેલ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ ખાતે નવ લાખ લીટર ખારુ પાણી સમાવી શકે તેવા શાર્ક પુલ ટેન્કમાં રાખવામાં આવેલ એક (૧) બ્લેક ટીપ શાર્ક ની સાથે વધારાની ત્રણ (૩) નંગ કોરલ રીફ બ્લેક ટીપ શાર્ક માછલીઓનું આગમન થતા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

---

## "સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા"

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૪ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ કલાકે માધ્યમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા અને સવારે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધાનું આયોજન ચં.ચી.મહેતા નાટ્યગૃહ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

---

# સુરત મહાનગરપાલિકા આયોજીત ગોરમાગીત સ્પર્ધા




ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે તથા આપણી સંસ્કૃતિમાં બાલિકા–કન્યાઓ માટે જ વિશેષરૂપે યોજાતા અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા ગોરમાગીત સ્પર્ધા તા.૧૧/૦૭/૨૦૧૪ના રોજ સવારે ૯.૦૦ કલાકે ચં.ચી.મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોકબજાર, મકકાઈપુલ, સુરત ખાતે યોજવામાં આવી હતી. જેમાં શહેરની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ મળી અંદાજે ૪૭થી વધુ પ્રાથમિક શાળાની બાળાઓએ પરંપરાગત પહેરવેશમાં સજજ થઈને ગોરમાંની આરાધના કરતાં ગીતો ગાયાં હતાં. જેને ઉપસ્થિત સૌએ ભાવસભર માણ્યાં હતાં. સ્પર્ધાને અંતે નીચે મુજબની શાળાઓ વિજેતા જાહેર થઈ હતી.

| વિજેતાનો ક્રમ | શાળાનું નામ |
|---|---|
| પ્રથમ | શ્રીમતી એલ. પી. સવાણી વિદ્યાભવન |
| દ્વિતીય | સંસ્કાર ભારતી વિદ્યાલય |
| તૃતીય | વી.એન.ગોધાણી કન્યા વિદ્યાલય |
| આશ્વાસન | અંબાબેન મગનલાલ અંધજન પ્રાથમિક શાળા |
| | કે.એસ.જોષી ઈંગ્લીશ મિડીયમ ગર્લ્સ સ્કુલ |
| | મધર ટેરેસા નગર પ્રાથમિક શાળા ક્રમાંક–૧૦૮ |
| | શારદા નિકેતન પ્રાથમિક શાળા |
| | નસરવાનજી પૂંજયાજી નગર પ્રાથમિક શાળા ક્રમાંક–૧૩૧ |

સ્પર્ધાના વિજેતાઓને મા.ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રી કુ.સ્વાતિબેન સોસા, સાંસ્કૃતિક સમિતિ ઉપાધ્યક્ષાશ્રીમતી કિશોરીબેન કાપડિયા તથા નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સ્મૃતિભેટ, પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર અને અલ્પાહાર આપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ અને સંગીતપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધક કન્યાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

TOP

## ''પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા''

પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત ''શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા'' તા.૧૬/૦૭/૨૦૧૪ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, અડાજણ, સુરત ખાતે યોજવામાં આવેલ છે. જેમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા બાળતરણવીરોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ટી.પી.સ્કીમ નંબર | ટી.પી.સ્કીમ નં. ૬૬ (વરીયાવ–કોસાડ) | | |
| ર. | વિસ્તાર | કોસાડ આવાસની પાછળ, સાયણ રોડ, | | |
| ૩. | ફાયનલ પ્લોટ નંબર | ર૬૩ | | |
| | સબ પ્લોટ નંબર | ૪૭ તથા માર્જીન | | |
| | રીઝર્વેશન પ્લોટ નંબર | – | | |
| ૪. | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોર્મશીયલ / શૈક્ષણિક વિગેરે | રહેઠાણ તથા કોર્મશીયલ | | |
| પ. | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ (ફુટમાં) | ચો.ફુટ (વિસ્તાર) |
| | | ભોંયતળિયે | | મંજુર પ્લાન વિરુધ્ધ ભોંયતળિયે આર.સી.સી. સ્લેબનું આશરે રર૦ ચો.ફુટ માપ વિસ્તારનું બાંધકામ દુર કરવામાં આવેલ છે. |
| | | પ્રથમ માળ | | મંજુર પ્લાન વિરુધ્ધ માર્જીન વાળા ભાગમાં સ્લેબ ભરવાના ઈરાદે ભરવામાં આવેલ આર.સી.સી. કોલમ નંગ–ર (બે) તથા શટરીંગ આશરે ૭પ૦ ચો.ફુટ માપ વિસ્તારમાં દુર કરવામાં આવેલ છે. |
| | | બીજો માળ | | |
| | | ત્રીજો માળ | | |
| | | ચોથો માળ | | |
| | | પાંચમો માળ | | |
| ૬. | માલિકનું નામ | શ્રી અનિલભાઈ ધનજીભાઈ દુધાત | | |
| ૭. | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | નોર્થઝોન /આઉટ/નં ૩૪૬૮, તા.૦૮/૦૭/ર૦૧૪. થી કારણદર્શક તથા મનાઈ હુકમની નોટીસ આપવામાં આવેલ છે. | | |
| ૮. | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | – | | |
| ૯. | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | જુની.ઈજનેર – ૧, આસી.ઈજનેર–૧ | | |
| | બેલદારની સંખ્યા | ૧પ | | |
| ૧૦. | મશીન / વાહનની વિગત | – | | |
| ૧૧. | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | – | | |
| ૧ર. | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | ૧પ,૦૦૦/– | | |
| ૧૩. | અન્ય વિગત. | – | | |

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત :–

<table>
<tr><td>૧</td><td>ટી.પી.સ્કીમ નંબર</td><td colspan="3">ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૯(ગોડાદરા–ડીંડોલી) તથા ૬૧(પરવટ–ગોડાદરા)</td></tr>
<tr><td>૨</td><td>વિસ્તાર</td><td colspan="3">શ્રીજીનગર સોસાયટી,ઓ.પી. નં. ૧ માંથી ૧૮ મી. ટી.પી.રોડ તથા ફા.પ્લોટ નં. ૬૫/એ,સબ પ્લોટ નં. ૧ થી ૮</td></tr>
<tr><td rowspan="3">૩</td><td>ફાયનલ પ્લોટ નંબર</td><td colspan="3">૧૮ મી.ટી.પી.રોડ</td></tr>
<tr><td>સબ પ્લોટ નંબર</td><td colspan="3">–</td></tr>
<tr><td>રીઝર્વેશન પ્લોટની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૪</td><td>કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે)</td><td colspan="3">રહેણાંક / શૈક્ષણિક</td></tr>
<tr><td rowspan="6">૫</td><td rowspan="6">તોડવામાં આવેલ બાંધકામની વિગત</td><td>માર્જીન</td><td>માપ(ફુટમા)</td><td>ચો.ફુટ(વિસ્તાર)</td></tr>
<tr><td>ભોયતળિયે</td><td>૧૨' ×૪૦'</td><td>૪૮૦</td></tr>
<tr><td>પ્રથમમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>બીજોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>ત્રીજોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>ચોથોમાળ</td><td>૭૦' ×૭૦'</td><td>૫૦૦૦</td></tr>
<tr><td>૬</td><td>માલિકનું નામ</td><td colspan="3">–</td></tr>
<tr><td>૭</td><td>આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૮</td><td>પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત</td><td colspan="3">ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૯(ગોડાદરા–ડીંડોલી)ખાડી કિનારે ઓ.પી.નં. ૧ માંથી પસાર થતો ૧૮ મી. ના ટી.પી.રોડમાં નડતરરૂપ શ્રીજીનગર સોસાયટીમાં આવેલ ગાળા ટાઈપ મકાનનું આર.સી.સી.સ્લુબ,બીમ તથા ગ્રો.ફલોરનું આશરે ૪૮૦ ચો.ફુટ ચણતરકામ આજરોજ સ્થળ પરથી ઝોનના ટેકનીકલ સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી દુર કરવામાં આવેલ છે.ત્યારબાદ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૧ (પરવટ–ગોડાદરા)ફા.પ્લોટ નં. ૬૫/એ ના પ્લોટ નં. ૧ થી ૮ માં આવેલ ગીતાંજલી સ્કુલના ચોથામાળે મિલ્કતદારો દ્વારા એમ.એસ.સ્ટીલ નું સ્ટ્રકચર ઉભું કરી શેડ બનાવવામાં આવેલ જે આજરોજ અત્રેની ઝોન કચેરીના શહેર વિકાસના સ્ટાફ તથા તેમજ ખાનગી કોન્ટ્રાકટરના માણસોની મદદથી એમ.એસ. સ્ટ્રકચર દુર કરવાનું કામ હાલ પ્રગતિ હેઠળ છે.</td></tr>
<tr><td rowspan="2">૯</td><td>તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા</td><td colspan="3">૦૩ તથા ૦૭</td></tr>
<tr><td>બેલદારની સંખ્યા</td><td colspan="3">૧૦ તથા ૨૦</td></tr>
<tr><td>૧૦</td><td>મશીન / વાહનની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૧</td><td>વસુલ કરવામાં આવેલ ડીમોલીશન ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૨</td><td>અન્ય માહિતી</td><td colspan="3"></td></tr>
</table>

TOP

## ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ટી.પી.સ્કીમ નંબર | ટી.પી.સ્કીમ નં. ૧૯ (કતારગામ) | | |
| ૨. | વિસ્તાર | ફુલપાડા રોડ, ગનીભાઈ કંપાઉન્ડ | | |
| ૩. | ફાયનલ પ્લોટ નંબર | — | | |
| | સબ પ્લોટ નંબર | ૫, ૬ | | |
| | રીઝર્વેશન પ્લોટ નંબર | — | | |
| ૪. | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોર્મશીયલ / શૈક્ષણિક વિગેરે | ઈન્ડસ્ટ્રીયલ | | |
| ૫. | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ (ફુટમાં) | ચો.ફુટ (વિસ્તાર) |
| | | ભોંયતળિયે | | ગ્રા.ફલોરના સ્લેબ ભરવાના ઈરાદે કરેલ આશરે ૩૦' × ૭૦' ચો.ફુટ માપ વિસ્તારમાં સેન્ટરીંગ કામ દુર કરવામાં આવેલ છે. |
| | | પ્રથમ માળ | | |
| | | બીજો માળ | | |
| | | ત્રીજો માળ | | |
| | | ચોથો માળ | | |
| | | પાંચમો માળ | | |
| ૬. | માલિકનું નામ | શ્રી હેમલભાઈ ધારીયા | | |
| ૭. | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | — | | |
| ૮. | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | — | | |
| ૯. | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | જુની.ઈજનેર – ૨,<br>ડે.ઈજનેર–૧ | | |
| | બેલદારની સંખ્યા | ૨૦ | | |
| ૧૦. | મશીન / વાહનની વિગત | — | | |
| ૧૧. | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | — | | |
| ૧૨. | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | ૧૫,૦૦૦/– | | |
| ૧૩. | અન્ય વિગત. | — | | |

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત :–

<table>
<tr><td>૧</td><td>ટી.પી.સ્કીમ નંબર</td><td colspan="3">ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડીંડોલી) તથા ૬૧(પરવટ–ગોડાદરા)</td></tr>
<tr><td>૨</td><td>વિસ્તાર</td><td colspan="3">શ્રીજીનગર સોસાયટી,ઓ.પી. નં. ૧ માંથી ૧૮ મી. ટી.પી.રોડ તથા ફા.પ્લોટ નં. ૬૫/એ,સબ પ્લોટ નં. ૧ થી ૮</td></tr>
<tr><td rowspan="3">૩</td><td>ફાયનલ પ્લોટ નંબર</td><td colspan="3">૧૮ મી.ટી.પી.રોડ</td></tr>
<tr><td>સબ પ્લોટ નંબર</td><td colspan="3">–</td></tr>
<tr><td>રીઝર્વેશન પ્લોટની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૪</td><td>કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે)</td><td colspan="3">રહેણાંક / શૈક્ષણિક</td></tr>
<tr><td rowspan="6">૫</td><td rowspan="6">તોડવામાં આવેલ બાંધકામની વિગત</td><td>માર્જીન</td><td>માપ(ફુટમા)</td><td>ચો.ફુટ(વિસ્તાર)</td></tr>
<tr><td>ભોયતળિયે</td><td>૧૨' ×૪૦'</td><td>૪૮૦</td></tr>
<tr><td>પ્રથમમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>બીજોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>.ત્રીજોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>ચોથોમાળ</td><td>૭૦' ×૭૦'</td><td>૫૦૦૦</td></tr>
<tr><td>૬</td><td>માલિકનું નામ</td><td colspan="3">–</td></tr>
<tr><td>૭</td><td>આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૮</td><td>પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત</td><td colspan="3">ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૯(ગોડાદરા–ડીંડોલી)ખાડી કિનારે ઓ.પી.નં. ૧ માંથી પસાર થતો ૧૮ મી. ના ટી.પી.રોડમાં નડતરરૂપ શ્રીજીનગર સોસાયટીમાં આવેલ ગાળા ટાઈપ મકાનનું આર.સી.સી.સ્લેબ,બીમ તથા ગ્રો.ફલોરનું આશરે ૪૮૦ ચો.ફુટ ચણતરકામ આજરોજ સ્થળ પરથી ઝોનના ટેકનીકલ સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી દુર કરવામાં આવેલ છે.ત્યારબાદ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૧ (પરવટ–ગોડાદરા)ફા.પ્લોટ નં. ૬૫/એ ના પ્લોટ નં. ૧ થી ૮ માં આવેલ ગીતાંજલી સ્કુલના ચોથામાળે મિલ્કતદારો દ્વારા એમ.એસ.સ્ટીલ નું સ્ટ્રકચર ઉભું કરી શેડ બનાવવામાં આવેલ જે આજરોજ અત્રેની ઝોન કચેરીના શહેર વિકાસના સ્ટાફ તથા તેમજ ખાનગી કોન્ટ્રાકટરના માણસોની મદદથી એમ.એસ. સ્ટ્રકચર દુર કરવાનું કામ હાલ પ્રગતિ હેઠળ છે.</td></tr>
<tr><td rowspan="2">૯</td><td>તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા</td><td colspan="3">૦૩ તથા ૦૭</td></tr>
<tr><td>બેલદારની સંખ્યા</td><td colspan="3">૧૦ તથા ૨૦</td></tr>
<tr><td>૧૦</td><td>મશીન / વાહનની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૧</td><td>વસુલ કરવામાં આવેલ ડીમોલીશન ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૨</td><td>અન્ય માહિતી</td><td colspan="3"></td></tr>
</table>

TOP

## પૂર્વ (વરાછા) ઝોનમાં સરથાણા વિસ્તારમાં ટી.પી.રસ્તાનો કબજો મેળવવામાં આવ્યો.

(૧) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૨ (સરથાણા–વાલક)માં ફા.પ્લોટ નં.૬ અને ૯ વચ્ચેથી પસાર થતાં ૭.૫૦ મી. પહોળાઈના ટી.પી.રસ્તામાં ગોપીનાથ સોસાયટીની આશરે ૧૨૦.૦૦ મી. લંબાઈની કંપાઉન્ડ વોલનું બાંધકામ આવતું હતું, જે કંપાઉન્ડ વોલનું બાંધકામ દુર કરી આશરે ૧૮૦.૦૦ ચો.મી. ટી.પી.રસ્તાનો કબજો મેળવવામાં આવ્યો.

(૨) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૨ (સરથાણા–વાલક)માં શ્યામધામ મંદિર પાસે ફા.પ્લોટ નં.૧૬ માં ૨૦૦' પહોળાઈના ટી.પી.રસ્તાને લાગુ 'સ્કાય ઝોન' નામના કોર્મશીયલ બાંધકામનો પ્રોજેકટ ચાલે છે. આ મિલકતદાર દ્વારા ટી.પી.રસ્તામાં રેતીનો સ્ટોક કરેલ હતો, જે અન્વયે આજરોજ એક ટ્રક રેતી જપ્ત કરી રૂા. ૧૦,૦૦૦/– દંડ વસુલ લેવામાં આવેલ છે.

(૩) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૨ (સરથાણા–વાલક)માં કેનાલ રોડ પર આવેલ શાંતિવન સોસાયટી વિ–૨ ના ગેટ પાસે ટી.પી.રસ્તા પર શાકભાજીના ફેરીયાઓનું દબાણ રહે છે, જે અન્વયે આજરોજ ટી.પી.રસ્તા પરનું દબાણ દુર કરી કુલ્લે ૯ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## ''પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા''



બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ્ પ્રતિ રસ–રૂચિ કેળવાય તેવા હેતુથી પૂજય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત ''શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા''નું આયોજન તા.૧૬/૦૭/૨૦૧૪ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે વીર સાવરકાર તરણકુંડ, જોગાણીનગર, અડાજણ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. બાળતરણ સ્પર્ધાનો શુભારંભ શાસક પક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિન્દલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા કુ.સ્વાતિબેન સોસા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ અને હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રીઓએ લીલી ઝંડી ફરકાવી કરાવ્યો હતો. સ્પર્ધામાં છોકરાઓ અને છોકરીઓના ૯ થી ૧૧ વર્ષ અને ૧૧ થી ૧૩ વર્ષના વયગૃપ મળી ૪ ગૃપમાં ૧૧૦થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

**વયગૃપઃ– ૯ થી ૧૧ વર્ષ**

| વિજેતા ક્રમ | વિજેતાના નામ (છોકરાઓ) | વિજેતાના નામ (છોકરીઓ) |
|---|---|---|
| પ્રથમ | હર્ષિલ વી. સેલર | મોનિસ્કા નિતિન કોરાન્ને |
| દ્વિતીય | જયોતિર્મય એસ. પંડયા | અનુશ્કા પી. દેસાઈ |
| તૃતીય | અંશુલ કે. ડુંગરાણી | અનેરી એચ. ઠકકર |
| આશ્વાસન | રૂદ્ર બી. સારંગ | વૃતિકા વિપુલ સુતરીયા |
| | તન્મય સારંગ | સુભાગી મિશ્રા |

**વયગૃપઃ– ૧૧ થી ૧૩ વર્ષ**

| વિજેતા ક્રમ | વિજેતાના નામ (છોકરાઓ) | વિજેતાના નામ (છોકરીઓ) |
|---|---|---|
| પ્રથમ | અનિકેત જે. પટેલ | નાગપુરે સિલ્કી મુકેશ |
| દ્વિતીય | પરાંજયે ૠતુપર્ણ | નિયતી પી. શાહ |
| તૃતીય | મોદી ધ્રુવ જી. | પલક ભરત ટંડેલ |
| આશ્વાસન | નિલય બકુલ કાનીરકર | ઓશીન મિત્તલ |
| | રાંદેરીયા નિતાઈ આર. | આશ્ના નિખિલ ચેવલી |

બાળતરણ સ્પર્ધાના વિજેતાઓને ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, શાસક પક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિન્દલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રી કુ.સ્વાતિબેન સોસા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, હરિઃૐ આશ્રમના પ્રમુખશ્રી નવિનભાઈ ગાંધી તથા પ્રતિનિધિશ્રીઓના હસ્તે રોકડ પુરસ્કાર, વિજેતા પ્રમાણપત્ર અને હરિઃૐ આશ્રમની ગીફટ એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર, સ્મૃતિભેટ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રીઓ તરફથી પૂજય શ્રીમોટાની પુસ્તિકા અને હરિઃૐ આશ્રમની નેમપ્લેટ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, શિક્ષકશ્રીઓ તેમજ વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત :–

<table>
<tr><td>૧</td><td>ટી.પી.સ્કીમ નંબર</td><td colspan="3">૬૧ (પરવત–ગોડાદરા)</td></tr>
<tr><td>૨</td><td>વિસ્તાર</td><td colspan="3">નારાયણ નગર ઈન્ડસ્ટ્રીઝ</td></tr>
<tr><td rowspan="3">૩</td><td>ફાયનલ પ્લોટ નંબર</td><td colspan="3">૬</td></tr>
<tr><td>સબ પ્લોટ નંબર</td><td colspan="3">એચ– ૨ થી ૬</td></tr>
<tr><td>રીઝર્વેશન પ્લોટની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૪</td><td>કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે)</td><td colspan="3">ઈન્ડસ્ટ્રીયલ એમ.એસ. સ્ટ્રકચર તથા પતરાનો શેડ</td></tr>
<tr><td rowspan="6">૫</td><td rowspan="6">તોડવામાં આવેલ બાંધકામની વિગત</td><td>માર્જીન</td><td>માપ(ફુટમા)</td><td>ચો.ફુટ(વિસ્તાર)</td></tr>
<tr><td>ભોયતળિયે</td><td>–</td><td>–</td></tr>
<tr><td>પ્રથમમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>બીજોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>ત્રીજોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>ચોથોમાળ</td><td>૮૫'×૮૫'</td><td>૭૨૨૫</td></tr>
<tr><td>૬</td><td>માલિકનું નામ</td><td colspan="3">હર્ષદભાઈ હીરાભાઈ પટેલ</td></tr>
<tr><td>૭</td><td>આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત</td><td colspan="3">મૌખિક જણાવવામાં આવેલ હતું.</td></tr>
<tr><td>૮</td><td>પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત</td><td colspan="3">સદર ગ્રાઉન્ડ ત્ર ત્રણ માળની મિલ્કત પર ચોથા માળે મિલ્કતદારો દ્વારા એમ.એસ.સ્ટીલનું સ્ટ્રકચર ઉભું કરી પતરાનું ઈન્ડસ્ટ્રીયલ શેડ બનાવવામાં આવેલ હતું. જે આજરોજ અત્રેની ઝોન કચેરીના સ્ટાફ દ્વારા પતરાનો શેડ તથા એમ.એસ. સ્ટ્રકચરને દબાણનું સ્ટાફ તેમજ ખાનગી કોન્ટ્રાકટરના માણસોના મદદથી દુર કરવામાં આવેલ. તથા સાઈડ ના પતરા કાઢવાનું કામ પ્રગતિ હેઠળ છે.</td></tr>
<tr><td rowspan="2">૯</td><td>તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા</td><td colspan="3">૬</td></tr>
<tr><td>બેલદારની સંખ્યા</td><td colspan="3">૨૦</td></tr>
<tr><td>૧૦</td><td>મશીન / વાહનની વિગત</td><td colspan="3">૨ સેટ ગેસ કટર</td></tr>
<tr><td>૧૧</td><td>વસુલ કરવામાં આવેલ ડીમોલીશન ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">રૂા.૫૦,૦૦૦/–</td></tr>
<tr><td>૧૨</td><td>ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૩</td><td>અન્ય માહિતી</td><td colspan="3">–</td></tr>
</table>

TOP

## દબાણ દુર કર્યા અંગેની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ / સીટી ઈજનેરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ભાગળ થી અપના બજાર તરફના કોટસફીલ મેઈન રોડ ઉપર લાગુ રસ્તા તથા ફુટપાથ ઉપર દબાણકર્તાઓ ધ્વારા ખાણી– પીણીની લારીઓ નંગ– ૧૧ આજ રોજ દબાણ ખાતાના સ્ટાફ ધ્વારા દુર કરવામાં આવેલ છે. તે ઉપરાંત પાથરણાવાળાઓ દ્રારા કરવામાં આવેલ દબાણ અંગે અત્રેથી દંડકીય વસુલાત પેટે રૂા.૮૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

વધુમાં અપના બજાર થી ડી.કે.એમ. હોસ્પિટલ તરફના કોટસફીલ મેઈન રોડ ઉપર દબાણકર્તાઓને દુર કરવાની કામગીરી દરમ્યાન કેટલાક અસામાજીક તત્વો ધ્વારા દબાણ વિભાગની કામગીરીમાં અવરોધ ઉભો કરી કામગીરી ખોરંભવાના હેતુસર જાહેર સુલેહ– શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરવામાં આવતા સુરત મહાનગરપાલિકા ધ્વારા પોલીસ બંદોબસ્ત મેળવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

TOP

## મ્યુનિસિપલ એકવેરિયમના શાર્ક પુલમાં વધારાની ત્રણ (૩) બ્લેક ટીપ શાર્ક પ્રદર્શનમાં મુકવામાં આવી

સુરત મહાનગર પાલિકા સંચાલિત પાલ ખાતે આવેલ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ ખાતે નવ લાખ લીટર ખારુ પાણી સમાવી શકે તેવા શાર્ક પુલ ટેન્કમાં રાખવામાં આવેલ એક (૧) બ્લેક ટીપ શાર્ક ની સાથે વધારાની ત્રણ (૩) નંગ કોરલ રીફ બ્લેક ટીપ શાર્ક માછલીઓનું આગમન થતા કુલ ચાર (૪) બ્લેક ટીપ શાર્ક માછલીઓને શાર્ક પુલમાં મુલાકાતીઓ સમક્ષ પ્રદર્શન માટે મુકવામાં આવેલ છે. ઉપરાંત આવનારા સમયમાં બ્લેક ટીપ શાર્કની સાથે આ જ પ્રજાતિની ગ્રે એન્ડ વ્હાઈટ ટીપ શાર્ક, લેપાર્ડ શાર્ક, પોલાર્ડ શાર્ક નો પણ ઉમેરો તબક્કાવાર શાર્ક પુલમાં થશે તેવુ મ્યુનિસિપલ એકવેરિયમ ખાતાએ એક અખબારયાદીમાં જણાવેલ છે.

TOP

## "સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા"

સુરત મહાનગરપાલિકા દ્વારા **તા.૧૮/૦૭/૨૦૧૪**ને શુક્રવારના રોજ **સવારે ૯.૦૦ કલાકે માધ્યમિક વિભાગની** વર્ષાગીત સ્પર્ધા અને **સવારે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની** વર્ષાગીત સ્પર્ધાનું આયોજન **ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન), ચોકબજાર, મકકાઈપુલ, સુરત** ખાતે કરવામાં આવેલ છે. જેમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP